NAVSARI AGRICULTURAL UNIVERSITY

**હિસાબ નિયામકશ્રીની કચેરી**
**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી–૩૯૬ ૪૫૦**

**વંચાણમાં :**–(૧) આ કચેરીના પરિપત્ર ક્રમાંક. નકૃય/કોમ્પ્ટ/કન્ટ્રોલ/૩૧૯૯–૩૨૫૦ તા. ૧૧.૦૭.૨૦૧૩
(૨) આ કચેરીના પરિપત્ર ક્રમાંક. નકૃય/કોમ્પ્ટ/કન્ટ્રોલ/૨૯૮૧–૩૦૩૧ તા. ૩૧.૦૩.૨૦૧૫
(૩)સને ૨૦૧૬–૧૭ના લોકલ ફંડ ઓડિટ, પ્રાથમિક વાંધા નં.૬૩, તા. ૧૬.૧.૨૦૨૦

## :: પરિપત્ર ::

**વિષયઃ– તમામ પ્રકારના બીલો (મહેકમ સિવાય) ટ્રેઝરીમાં રજુ કરવા બાબત..**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ કચેરીના વડાશ્રીઓને જણાવવાનું કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના સને ૨૦૧૬–૧૭ ના વર્ષના ઓડિટ અન્વેષણ દરમ્યાન લોકલ ફંડ કચેરી તરફથી પ્રાથમિક વાંધા નં–૬૩ અત્રેની કચેરીને મળેલ છે, જેમાં દર્શાવેલ ઓડિટ નોંધ મુજબ ટ્રેઝરી શાખામાં રજુ કરવાના બીલોમાં હવે પછીથી નીચે મુજબના મુદ્દાઓનુસાર અમલ કરવા જણાવવામાં આવે છે.

| | |
|---|---|
| (૧) | ઉપરોકત વંચાણે લીધા ક્રમ–૧ના પરિપત્રથી આકસ્મિક અને આવશ્યક ખર્ચ માટે ઉચ્ચક બીલથી નાંણાં ઉપાડવાની મંજુરી આપવામાં આવેલ છે,જેમાં જણાવ્યા મુજબના હેતુમાટે જ ખર્ચ કરવાનો રહેશે.તેમજ ઉચ્ચક બીલથી ઉપાડેલ નાણાંનો હિસાબ ગુજરાત તિજોરી નિયમ–૨૦૦૦ ના નિયમ– ૨૧૧ મુજબ નાણાં ઉપાડ કર્યાના ૩ માસમાં વિગતવાર હિસાબ રજુ કરી આપવાની જોગવાઈ થયેલ છે, તેમ છતાં ઘણી કચેરીઓ સમય મર્યાદામાં હિસાબ રજુ કરતી ન હોવાના કારણે ઓડીટ પ્રશ્ન ઉદભવેલ છે. તો આ બાબતે ભવિષ્યમાં આ બાબતે અનિયમિતા ઉભી ન થાય તે માટે નાંણાં ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીને તકેદારી રાખવા સૂચના આપવામાં આવે છે. |
| (૨) | ઉપરોકત વંચાણે લીધા ક્રમ–૨ ના પરિપત્રથી જે તે કચેરીમાં થતી યુનિવર્સિટીની આવક જે તે દિવસે જ કેશબુકમાં જમાં લઈને, શકય હોય ત્યાં સુધી તે જ દિવસે કચેરીના બેન્ક ખાતામાં જમાં કરાવી દેવાની હોય છે, તેમ છતાં ઘણીખરી કચેરીઓ ઉકત પરિપત્રનું પાલન કરતી ન હોવાના કારણે ઓડીટ પ્રશ્નો ઉપસ્થિત થાય છે, તો સદરહું પરિપત્રમાં થયેલ સૂચના મુજબ અમલવારી કરવા દરેક નાણાં ઉપાડ અને ચૂકવાણા અધિકારીશ્રીઓને ફરીથી સૂચના આપવામાં આવે છે. |
| (૩) | જે તે વિભાગીય કચેરીઓને તેઓના રોજ–બરોજના ખર્ચાઓને ધ્યાન લઈને કાયમી પેશગી મંજુર કરવામાં આવેલ છે, તેમ છતાં નાની નાની રકમોના નાણાં ઉચ્ચક બીલથી ઉપાડીને ખર્ચ કરવામાં આવે છે, જે યોગ્ય ન હોય, આવા નાની નાની રકમોનો ખર્ચ કાયમી પેશગીમાંથી કરવા સૂચના આપવામાં આવે છે, અન્યથા કાયમી પેશગીનો વપરાશ કરવામાં નહિ આવે તો, મંજુર કરેલ કાયમી પેશગી પરત લેવામાં આવશે, જેની સર્વે કચેરી વડાશ્રીઓએ નોંધ લેવી. |
| (૪) | રજુ કરવામાં આવેલ બીલમાંથી કરવાની થતી કપાત આપની કક્ષાએ કરી બારોબાર આ કપાત યોગ્ય જગ્યાએ જમા કરાવવાની કાળજી ઉપાડ અને ચૂકવણા અધિકારશ્રીએ રાખવાની રહેશે. |

જા.નં.નકૃયુ/વવહિઅ/બી–૫/૭૫૯ /૨૦૨૦
નવસારી, તા. ૨૯ /૦૧/૨૦૨૦

**હિસાબ નિયામક**

**નકલ જય ભારત સાથ રવાનાઃ–**

(૧) આ યુનિવર્સિટીની તમામ કચેરીઓના વડાશ્રીઓ તરફ જાણ સારુ તથા તાત્કાલિક અમલ થવા સારુ.

પ્રા.વાધા નં- ૬૩ તા.૧૬/૦૧/૨૦૨૦

દિન-૨ મા પુર્તતા સહ પરત કરવો

........................................................................................................................

**ઉચ્ચકબિલો ના વિગતવાર બિલો સમય મર્યાદા માં રજુ ન થવાની અનિયમિતતા**

........................................................................................................................

જીલ્લા સહાયક નિરીક્ષકશ્રીની કચેરી, સ્થાનિક ભંડોળ હિસાબ નવસારી દ્વારા લેખિતમાં જાણ કર્યા મુજબ આપની કૃષિ યુનિવર્સિટી નવસારી વર્ષ ૨૦૧૬-૧૭નું અન્વેષણ તા.૨૩/૧૨/૨૦૧૯થી હાથ ધરવામાં આવેલ છે.

કૃષિ યુનિવર્સિટી નવસારી ના સને-૨૦૧૬-૨૦૧૭ હિસાબોની તપાસણી દરમ્યાન સંસ્થાએ નિભાવેલ **ઉચ્ચકબિલો** રજિ.ની ચકાસણી કરતા સંસ્થાની વિવિધ શાખાઓ,સંસ્થા હસ્તકના વિભાગ વગેરેને સમયાંતરે એડવાન્સની ચુકવણી કરેલ હોવાનું જણાઇ આવેલ હતું. એડવાન્સ ચુકવણાની સાથે સાથે નિયત સમયમર્યાદામાં ચૂકવેલ એડવાન્સ વસુલ તેમજ સરભર પણ કરવાના રહે છે. .જે અંગે નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

(૦૧) ગુજરાત તિજોરી નિયમોના નિયમ-૨૧૧ ની જોગવાઇ મુજબ એડવાન્સ તરીકે એબસ્ટ્રેક બિલોથી ઉપાડેલ નાણાંનુ ત્રણ માસમાં વિગતવાર બિલ તૈયાર કરી ચુકવણા અધિકારીશ્રીને મોકલીઆપવાનુ રહે છે. તેથી ત્રણ માસ કરતાં વધુ સમયથી બાકી એડવાન્સ માટે બેંક્ના ધારા ધોરણ મુજબ વ્યાજની ગણતરી કરી સબંધિત /જવાબદારથી વસુલ કરી નિયત સદરે જમા લેવાના રહે છે.

(૦૨) ચુકવેલ પેશગીઓ નિયત સમયમર્યાદામાં વસુલ /સરભર કરવા અંગે ઉકત વિગતે જોગવાઇ થયેલ છે,પરંતુ સંસ્થાના એડવાન્સ રજિસ્ટરની વિગતો ધ્યાને લેતાં આ સાથે સામેલ પરિશિષ્ટ- માં નમુના રૂપ કિસ્સામાં વર્ષ ૨૦૧૬-૧૭ તા.૩૧/૦૩/૨૦૧૭ સુધી સરભર કરવાનાં બાકીમાં હોવાનુ જણાઇ આવેલ છે.આટલા લાંબા સમય થી એડવાન્સ સરભર કરવાનાં બાકીમાં હોય તે ગંભીર બાબત ગણી શકાય. સદરહુ બાબત પરત્વે સંસ્થાના અધિકારીશ્રીઓનું આથી ધ્યાન દોરવામાં આવે છે.

(૦૩) જે તે વિભાગીય સંસ્થાને કાયમી પેશગી મંજુર કરેલ હોવા છતાં નાની નાની રકમોના નાણાં ઉચ્ચક બિલથી ઉપાડવામાં આવેલ છે. સદરહું નાની રકમો માટે ઉચ્ચક બિલથી નાણાં ન ઉપાડતા કાયમી પેશગીનો ઉપયોગ કરવાનું ઓડીટ સુચન છે.

B-5

ઓડીટર વર્તુળ-૮
એ.સી.પી અમદાવાદ
એલ.એફ.કચેરી નવસારી

પ્રતિ ,

હિસાબી અધિકારીશ્રી –વ- હિસાબ નિયામકશ્રી, કૃષિ યુનિવર્સિટી નવસારી

OFFICE OF THE ACCOUNT OFFICER CUM COMPTR...
INWARD NO. ૪૭૬
DATE 17 JAN 2020